# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન.
# (ગુજરાતી માધ્યમ)

**"વિદ્યાધનં સર્વધનાત્ પ્રધાનમ્"**

**"કેળવણી : બાળઘડતરની દીવાદાંડી …"**

**"નિંદા અને ટીકાઓ સહન કરવી એ ઉત્તમ નેતૃત્વના ગુણ છે."**

## Theme :- નેતૃત્વ (Leadership)

**Date : 16-07-2024 થી 31-07-2024**

સ્નેહી વાલીશ્રી, સ્નેહાર્દ વંદન

જુલાઈ મહિનાના પહેલા પખવાડિયામાં શિક્ષક મિત્રો અને વાલીઓના સહયોગથી બાળકોએ "સ્વયંશિસ્ત " પર ખૂબ સરસ પ્રવૃત્તિ કરી અને માતા-પિતાએ બાળકને જાતે પ્રવૃત્તિ કરવા પ્રેરણા આપી . તેમજ જીવનમાં સ્વયંશિસ્તનું મહત્ત્વ સમજ્યા. જુલાઈ મહિનાના બીજા પખવાડિયામાં "નેતૃત્વ" પર આપણે કામ કરીશું.

નેતાઓ માત્ર રાજકારણમાં નથી હોતા. ઘર, પરિવાર, શાળા, સમાજ, ઓફિસ અને મિત્ર વર્તુળમાં પણ નેતાઓની જરૂર છે. લીડર એટલે કોઈપણ વ્યક્તિ જે નેતૃત્વ કરી શકે, આદેશ આપી શકે, માર્ગ બતાવી શકે અને પ્રેરણા આપી શકે. જે સારા ભવિષ્ય તરફ દોરી શકે છે. નેતૃત્વની ગુણવત્તા એ શક્તિ કરતાં સંવેદનશીલતાની નજીક છે. ટીમના મનને સમજી, દરેકને સાથે રાખીને ટીમને આગળ લઈ જવાની કળા એ સફળ નેતૃત્વની નિશાની છે. આ માટે ન તો પ્રભાવશાળી વ્યક્તિત્વની જરૂર છે કે ન તો શક્તિના પ્રદર્શનની. આ એવા ગુણો છે જેને અપનાવીને કોઈપણ વ્યક્તિ પોતાની જાતને એક સફળ નેતા બનાવી શકે છે. આપણી શાળા દ્વારા બાળકોને આ ઉત્તમ ગુણોનો કક્કો ઘૂંટવા માટે જે પ્રયત્નો થઇ રહ્યા છે તે સરાહનીય છે.

| ક્રમ | શાળામાં કરવાની પ્રવૃત્તિ |
|---|---|
| 1 | વર્ગશિક્ષકે નેતૃત્વના થીમ પર વર્ગના અને લોબીના બુલેટીન બોર્ડ પર લખાણ કે અન્ય સાહિત્ય મૂકવું. |
| 2 | વર્ગશિક્ષકે પ્રાર્થના સભામાં નેતૃત્વના થીમ પર કામ કરવું. |
| 3 | વર્ગમાં વર્ગ શિક્ષકે કે વિષય શિક્ષકે પણ નેતૃત્વનું મહત્ત્વ સમજાવવું. |

P.T.O.

# બાળકે ઘરે કરવાની પ્રવૃત્તિ

કેળવણી થકી બાળકોને સફળ નેતૃત્વના પાઠ શાળા કક્ષાએ જ મળી રહે તે માટે આપણી શાળા હંમેશાં કટિબદ્ધ રહી છે, જેનાથી આપ વિદિત છો જ. આ મહિને નેતૃત્વના ગુણો બાળકમાં ડેવલપ થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન ઘડાઈ ચૂક્યું છે.જેમાં બાળકો અમૂક પ્રવૃત્તિ ઘરે રહીને કરશે.આપ એક જાગૃત વાલી છો જ તો આપ આ મહિનાની પ્રવૃત્તિઓમાં પણ તમારાં બાળકને અવશ્ય પ્રોત્સાહિત કરશો જ એવી અમે આશા રાખીએ છીએ...

**ઘરના દરેક સભ્યોની પસંદ / ના પસંદ ધ્યાનમાં રાખી એક સારા લીડર તરીકે બાળકનો કાર્ય કરવાનો અનુભવ...**

| **Home Monitor**<br>**(તા.:-16-07-2024 to23-07-2024 )** | **Home Monitor**<br>**(તા.:-24-07-2024 to 31-07-2024)** |
|---|---|
| હોમ મોનિટરે ઉપરોકત તારીખ દરમિયાન કોઈ એક દિવસ ઘરમાં શાકભાજી કઈ લેવી તે નક્કી કરશે અને પપ્પા કે મમ્મીની સાથે શાકભાજી લેવા જવાનું રહશે. | હોમ મોનિટરે ઉપરોકત તારીખ દરમિયાન ઘરમાં કેટલા વાગ્યા પછી ઈમરજન્સી સિવાય ઘરનાં સભ્યો મોબાઈલ વાપરી શકશે નહી તે સમય બધા સાથે ચર્ચા કરીને નક્કી કરશે.દરેક સભ્યો તેનું પાલન કરશે. |
| હોમ મોનિટરે ઉપરોકત તારીખ દરમિયાન કોઈપણ એક દિવસ રાત્રિ ભોજનમાં શું બનાવવું તેનું મેનુ નક્કી કરશે.મેનુમાં ઘરનાં દરેક સભ્યોની પસંદને ધ્યાનમાં રાખશે અને મમ્મી એ મુજબ રસોઈ બનાવશે. | પારિવારિક ભાવનાની કેળવણી માટે હોમ મોનિટર પોતાની ઈચ્છા પ્રમાણે કુટુંબના કોઈ એક સંબંધી જેમકે ,કાકા,મામા,માસી,ફોઈ વગેરેને ત્યાં જવાનું નક્કી કરશે.બાળકે જણાવેલ સંબંધીને ઘરે મમ્મી-પપ્પા પરિવાર સાથે ઉપરોકત તારીખ દરમિયાન કોઈ એક દિવસ નક્કી કરી સાથે જશે. |

| **Home Monitor (તા.:-16-07-2024 to 31-07-2024)** | |
|---|---|
| ધો.1 થી 9 ના વિદ્યાર્થીઓ માટે ...<br>હોમ મોનિટરે આ 15 દિવસમાં સૌની અનુકૂળતાનો એક દિવસ અને તેમાં ચોક્કસ સમય નક્કી કરી બહાર જમવા/ મંદિર/ગાર્ડન વગેરેમાંથી એક બાબત નક્કી કરશે. માતા-પિતા બાળકને જો શક્ય હોય તો તે પ્રમાણેના સ્થળે લઇ જશે. | ફક્ત ધો.5 થી 9 ના વિદ્યાર્થીઓના માતા-પિતાએ આ 15 દિવસમાં ઘરમાં જયારે કોઈ વસ્તુ લેવાનો / બહાર જવાનો કે અન્ય કોઈ નિર્ણય લેવાનો થાય ત્યારે શક્ય હોય તો હોમ મોનિટરને જે-તે બાબત માટે ચર્ચામાં સાથે રાખવાનો પ્રયત્ન કરવો. |

**નોંધ :- બાળકમાં નેતૃત્વનો ગુણ વિકસે તેમજ બાળક જવાબદારીને સમજી શકે તેથી બાળકે હોમ મોનિટર તરીકે ઉપરોક્ત જે તે પ્રવૃત્તિ ઘરે કરવાની રહેશે અને બાળકે જે તે દિવસે કરેલ પ્રવૃત્તિની નોંધ અલગથી આપેલ પત્રકમાં કરવાની રહેશે.**

**સહકાર બદલ આભાર**